ચારણવાડા ગામે પુત્રએ માતાની ધારિયા ના ઘા મારી હત્યા કરી ફરાર

જામાપુર ગામ નજીકથી હત્યારા પુત્ર બેભાન અવસ્થા મળી આવ્યો ૧૦૮થી મોડાસા સાર્વજનિક હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયો

મોડાસા, તા.૨

સાબરકાંઠા જિલ્લાના મોડાસા તાલુકાના ચારણવાડા ગામે શનિવારેની રાત્રીના પુત્રએ વૃદ્ધ માતાને ગળાના ભાગે ધારિયાના ઘા મારી હત્યા કરી નાસી ગયેલ અને નજીકના જામાપુર ગામે ડુંગરા પર ઝેરી દવા પી ગયેલ જેને બેભાન અવસ્થામાં ૧૦૮થી મોડાસા સાર્વજિક હોસ્પિટલમાં દાખલ કરાયેલ છે. આ અંગે મોડાસા ગ્રામ્ય પોલીસ મથકે ઈન્દુબેન મહેન્દ્રસિંહ પરમારએ ફરિયાદ નોંધવતા પી.એસ.આઈ.એ પુત્ર વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધીઆગળની કાર્યવાહી હાથ ધરી હતી.

આ અંગેની વિગત આપતા મોડાસા ગ્રામ્ય પોલીસ મથકના પી.એસ.આઈ., આર.વી.દેસાઈએ જણાવેલ કે મોડાસાથી અંદાજે ૧૩ કિમી દુર આવેલ ચારણવાડા ગામે રહેતા કાન્તીજી રૂમાલજી પરમાર તેમના પત્ની અને છોકરાઓ તથા ભાભી વૃદ્ધ માતાજી બધા સાથે રહેતા હતા. કાન્તીજી પરમાર (ઉં.વ. ૪૦)નો ઝગડારુંસ્વાભાવનો હોવાથી દરરોજ ઘરે આવી કોઈના કોઈ બહાને ઘરે આવી ઘરમાં રહેતા તમામ સાથે ઝગડા કરતો હતો. દરમિયાન શનિવારની રાત્રિના ઘરે ૧૧ વાગે આવ્યો હતો અને ઘરનો દરવાજો ખોલી ઝગડા કરવા લાગ્યો જેથી ઘરના સભ્યો ગામમાં તેમના સંબંધીઓને ત્યાં જતા રહ્યા હતા. છેવટે ઝગડામાં વચ્ચે પડેલ ૬૫ વર્ષીય વૃદ્ધ માતા દિવાબેન રૂમાલજી પરમારને ગળાના ભાગે ધારિયા વડે ઘા મારી લોહી લુહાણ કરી પુત્ર કાન્તીજી પરમાર ઘરેથી રાત્રીના નાસી હયો હતો. બીજી તરફ રવિવારએ સવારે સંબંધીઓને ત્યાં ગયેલા કાન્તીજીના ભાભી ઈન્દુબેન મહેન્દ્રસિંહ પરમાર ઘરે આવતા ઘરનો દરવાજો ખોલતા દિવાબેનને લોહી લુહાણ હાલતમાં પડેલા જોયેલા જેથી મોડાસા ગ્રામ્ય પોલીસ મથકે જાણ કરી હતી. જેથી પોલીસ ઘટના સ્થળે જઈ પંચનામું કરી લાશને પોસ્ટમોર્ટમ માટે મોડાસા સિવિલમાં લાવ્યા હતા અને કાન્તીજી પરમાર વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. દરમિયાન રવિવારના રોજ બપોરના અંદાજે ૧ વાગેના સમયે પોલીસને સમાચાર મળ્યા કે મોડાસાથી શામળાજી માર્ગ પર ૯ કિ.મી. દુર આવેલ જામાપુર ગામ ડુંગરપર કોઈ ઈસમ બેભાન અવસ્થામાં પડેલોછે તેથી પોલીસ સ્થળ પર ગઈ હતી અને તે સમય દરમિયાન મોડાસા ૧૦૮નેજાણ કરાતા તુરંત ૧૦૮ વાનએ ત્યાં પહોંચીને બેભાન અવસ્થામાં પડેલ ઈસમને તાત્કાલિક સારવાર માટે મોડાસા સાર્વજનિક હોસ્પિટલમાં લાવ્યા હતા. તપાસ દરમિયાન જાણવા મળેલ કે આ ઈસમ કાન્તીજી રૂમાલજી પરમાર છે. આ અંગે જાણવા મળેલ કે કાન્તીજી પરમાર માતાની હત્યા કરીને નાસી જઈ રાત્રી દરમ્યાન કોઈ ઝેરી દવા પી ગયો હશે અને દવાની અસર થતાં બેભાવ અવસ્થા પડ્યો હશે. હાલ કાન્તીજી પરમાર બેભાન અવસ્થામાં સારવાર હેઠળ છે.

દેશોતર ગામ નજીકથી વીજ વાયરોની ચોરી : ૭૭ હજારની મતા ચોરાઈ

હિંમતનગર તા.૨

સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના દેશોતર ગામ નજીકથી ૨૯મી રાત્રીના સમયે કોઈ અજાણ્યા તસ્કરોએ ઉત્તર ગુજરાત વીજ કંપનીના ઈડર સબ ડીવીઝન વિભાગના ૧૦ થાંભલા અને અન્ય મટીરીયલ્સ કિંમત રૂા ૩૫ હજાર ૫૧૫નાને નુકશાન કરી અને ૧૪ ગળાનો એલ્યુમિનિયન વાયરો ૭૭ હજાર ૬૪૨નો ચોરી કરી ગયા હતા. આ અંગે નાયબ ઈજનેર કે.વી. કટારાએ ઈડર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

બુઢિયા ગામ નજીક ટ્રકની ટક્કરે બાળકનું મોત

હિંમતનગર તા.૨

સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના બુઢિયા ગામના બસ સ્ટેન્ડ નજીક શનિવારના રોજ બપોરના ૧૧ વાગેના સમયે ગામના જગદીશભાઈ યાદવના પાંચ વર્ષીય પુત્ર કિશન તેની માતા સાથે ગામમાં જતો હતો ત્યારે ભિલોડાથી ઈડર તરફ આવી રહેલા ટ્રકે કિશનને ટકકર મારતા રોડ પર પટકાયેલ અને તેની ઉપર ટાયર ચડી જતા સ્થળ પર મોત નીપજ્યું હતું. જ્યારે ટ્રક ચાલક ટ્રક લઈ નાસી ગયેલ અને ઈડર રેલ્વે ક્રોસિંગ નજીક ટ્રક ચાલક ટ્રક મૂકી નાસી ગયો હતો. આ અંગે ઈડર પોલી મથકે પ્રવીણભાઈ યાદવે ફરિયાદ નોંધાવી છે.

તાણાની જલારામ સોસાયટીના મકાનમાંથી મૃતદેહ મળ્યો

કાંકરેજ, તા.૨

કાંકરેજ તાલુકાના તાણા ગામમાં આવેલી જલારામ સોસાયટીના મકાનમાંથી એક યુવાનની લાશ મળી આવી હતી. બનાવ અંગે થરા પોલીસને જાણ કરતા પોલીસ ઘટના સ્થળે આવી પહોંચી હતી અને ગુનો નોંધી વધુ તપાસ આદરી હતી.

કાંકરેજના તાણા ગામે આવેલી જલારામ સોસાયટીમાં રહેતા જગાજી ચમનાજી ઠાકોર (ગામ-બેડા તા. ભાબર) જે ઘણા સમયથી સોસાયટીમાં ભાડુઆત તરીકે રહેતા હતા અને ડ્રાઈવરની નોકરી કરતા હતા તેમના મકાનમાંથી અચાનક તીવ્ર દુર્ગંધ મારતા સોસાયટીના રહીશોએ ભેગા મળી થરા પોલીસને જાણ કરી હતી.

થરા પોલીસ મથકના પી.એસ.આઈ. એ.કે. વણકરે મકાનનો દરવાજો ખોલાવતા અંદરથી મૃત હાલતમાં જગાજી ચમનાજીનો મૃતદેહ મળી આવ્યો હતો. મૃતદેહની ઓળખવિધિ બાદ પોલીસે મૃતદેહને પી.એમ. અર્થે થરા હોસ્પિટલ ખાતે મોકલી આપ્યો હતો. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ઈડર ખાતે શહેરી આવાસ યોજના અંતર્ગત ૧૦૫૬ આવાસ અને કુમાર છાત્રાલયના મકાનનું ભૂમિપૂજન

હિંમતનગર, તા. ૨

સામાજિક ન્યાય અને અધિકારતા વિભાગ અને વિકસતી જાતિ કલ્યાણ વિભાગ હિંમતનગર કચેરીના ઉપક્રમે ઈડર ખાતે શહેરી આવાસ યોજના અંતર્ગત ૧૦૫૬ આવાસ અને કુમાર છાત્રાલય મકાનનું

(તસ્વીર : મગનજી વણઝારા, હિંમતનગર)

ભૂમિપૂજન વિવિધ યોજનાના સહાયના ચેકનુંવિતરણનો કાર્યક્રમ શિક્ષણમંત્રીના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો.

વિકાસના વિવિધ પ્રકલ્પોનુંએક જ સ્થળે ખાતમુર્હૂત થતાં એવો ત્રિવેણી સંગમ રચાયો છે. આજેઈડરમાંશહેરી વિકાસ યોજના અંતર્ગત પંડિત દિન દયાળ આવાસના નામે ૧૦૫૬ મકાનો રૂા. ૪.૭૫ કરોડના ખર્ચેછાત્રાલાયનું નિર્માણ થવાનું છે. આ સાથે વિવિધ યોજનાના રૂા. ૨.૨૫ કરોડના સહાયના ચેકનું વિતરણ કરાયું. રાજય સરકાર દ્વારા વંચિતોના વિકાસ અને આર્થિક ઉન્મૂલનની દિશામાં કામગીરી કરવામાં આવી છે. રાજયમાં વસતાં વિવિધ સમુદાયના નટ, બજાણીયા, મદારી, થોરી, દેવીપૂજક, રાવળ, ભરથરી અને વણઝારા સમાજના લોકો માટે આવાસની વ્યવસ્થા કરવામાંઆવી છે. સમાજના આ પછાત વર્ગોના બાળકો ઉચ્ચ શિક્ષણ મેળવી શકે તે માટે અત્યંત માળખાગત સુવિધા સભર છાત્રાલયનુંનિર્માણ કરવામાંઆવ્યુંછે.

ભૂમિપૂજન પ્રસંગે ઉપસ્થિત સાંસદ નટુજી ઠાકોરે જણાવ્યુંહતું કે, દુઃખીના દુઃખની વાતો સુખી ના સમજી શકે, જોસુખી સમજે તો દુઃખીના દુઃખ ના ટકી શકે, ગરીબ દરિદ્ર નારાયણના કામો સરકારમાંથયા છે.

રાધનપુરના ધારાસભ્ય શંકરભાઈ ચૌધરીએ જણાવેલ કે, આઝાદીના ૫૦ વર્ષના વહાણા વહી ગયા પછી કોઈ માનવી એવું કહે કે, મારે રહેવાનું ઘર નથી અને કાયમી સરનામું નથી. આવા ઘરવિહોણાને ઘર સરનામું આપવાનાં કામ આ રાજય સરકારે કર્યું છે.

ઠાકોર અનેકોળી વિકાસ નિગરના અધ્યક્ષ પૂજાજી ઠાકોરે જણાવ્યું કે ઉદ્યોગોને બેકાર અને બંજર જમીન આપીને તેમાંથી થતા ટેક્સ આવકમાંથી સરકારની તિજોરી નાણાંથી છલકાવી જે ટેક્સના નાણાંથી ગુજરાતનો વિકાસ અવિરત પણે થઈ રહ્યો છે.

સાંસદ મહેન્દ્રસિંહ ચૌહાણે જણાવ્યું હતું કે રાજય સરકાર દ્વારા માત્ર ગામડામાં વસતાં ગરીબોનો વિચાર નથી કર્યો પણ શહેરી ગરીબોને પણ ગુજરાત હાઉસીંગ બોર્ડના ચેરમેન જયંતિભાઈ બારોટે જણાવ્યું હતું કે સમાજના આર્થિક રીતે પછાત સમુદાયના લોકોનેસંગઠિત કરવામાંકામ રાજય સરકાર દ્વારા કરવામાં આવ્યું છે. રાજય સરકારની કલ્યાણકારી ભાવના સાથે કામ કર્યું છે.

પોતાનું આવાસ હોય એ માટે પ્રયાસ કરવામાં આવ્યો છે ઈડર શહેરમાં આજે ગરીબી રેખાથી નીચે જીવતા તમામ લોકોને આવરી લેવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

વિકસતી જાતિના સંયુક્ત સચિવ કે.જી. વણઝારાએ મહેમાનોનુંશાબ્દિક સ્વાગત કરતાં આ કાર્યક્રમમાં વિતરણ થનાર સહાયના ચેક તેમજ વિકાસના પ્રકલ્પોની રૂપરેખા આપી હતી.

ભૂમિપૂજન પ્રસંગે વડિયાવીરનાં મહંત શાંતિગીરીજી મહારાજ, ધારાસભ્ય સર્વશ્રી ગોવિંદભાઈ પ્રજાપતિ, બાબુભાઈ દેસાઈ, બક્ષીપંચ મોરચાના પ્રમુખ ભગવાનદાસ પંચાલ, તાલુકા પંચાયતના પ્રમુખ, પંકજભાઈ દેસાઈ, નગરપાલિકાના પ્રમુખ કેશાજી રબારી, જિલ્લા ભાજપ પ્રમુખ જે.ડી. પટેલ, દિપસિંહ રાઠોડ, તખતસિંહ હડીયોલ, છગનભાઈ પરમાર, પૃથ્વીરાજ પટેલ, અશ્વિનભાઈ પટેલ, મહાન જાદુગર કરન, ઈડર બક્ષીપંચ મોરચાના પ્રમુખ રમેશભાઈ વણઝારા, સામાજિક ન્યાય અધિકારીતા વિભાગના અગ્રસચિવ સંજય પ્રસાદ, નાયબ નિયામક, બી.એલ. દેસાઈ, ગોવિંદભાઈ પંચાલ, મામલતદાર ગોસ્વામી, નગરપાલિકા ચીફ ઓફિસર સહિત અધિકારી ગણ અને લાભાર્થીઓ દસ હજારની વધુની સંખ્યામાં સમાજના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

સાબરકાંઠા જિલ્લાના ચાર તાલુકામાં અડધો ઈંચથી વધુ વરસાદ નોંધાયો

સાબરકાંઠા, તા. ૨

સાબરકાંઠા જિલ્લાના તેર તાલુકામાંથી નવ તાલુકામાં છેલ્લા ચોવીસ કલાક દરમિયાનમાં વરસાદ નોંધાયો હતો. જયારે ચાર તાલુકામાં અડધો ઈંચથી વધુ વરસાદ નોંધાયે હોવાનું હિંમતનગર ખાતે આવેલ જિલ્લા ઈમર્જન્સી સેન્ટરથી જાળવા મળ્યું હતું. જેમાં બાયડ અને ઈડરમાં ૧૪-૧૪ મીમી, મેઘરજમાં ૨૨ મીમી, તલોદમાં ૧૯ મીમી, ધનસુરા, મોડાસા અને વડાલીમાં ૪-૪-૪ મીમી, ખેડબ્રહ્મા માં ૫ મીમી, અને વિજયનગરમાં ૨ મીમી વરસાદ નોંધાયો હતો. જયારે રવિવારના દિવસ દરમિયાન જિલ્લામાં કયાંય વરસાદ નોંધાયો ન હતો.

કઉ કુકરી ગામે તળાવમાં બે સગીરાનું ડૂબી જતા મોત

હિંમતનગર, તા.૨

સાબરકાંઠા જિલ્લાના મોડાસા તાલુકાના કઉ કુકરી ગામની સીમમાં વનખાતા દ્વારા બનાવેલ તળાવમાં ગામની નજમાબેન ગફુરભાઈ વણઝારા અને ફજાનાબેન રુસ્તમભાઈ વણઝારા બંને સીગરા ઘરેથી તળાવ પર કપડા ધોવા ગયેલ અને પછી નાહવા પડેલ જે બંને ડૂબડા ડૂબતા બુમા બુમ કરેલ જેથી આજુબાજુના લોકો દોડી આવ્યા હતા પરંતુ તેમને બચાવવા જતા પહેલા બંને સગીરાના જીવ જતા રહ્યા હતા. પરંતુ પરિજનો બંનેને લઈ મોડાસામાં ઘાંચી આરોગ્ય સંસ્થાની હોસ્પિટલમાં લઈ ગયેલ જયાં ડોકટરે બંનેને મૃત જાહેર કરી હતી.

હિંમતનગર માંથી બાઈક ચોરાઈ

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર શહેરના મોતીપુરા વિસ્તારમાં આવેલ દ્વારકેશ કોમ્પલેક્ષ આગળ ૩૧મી ઓગસ્ટના રોજ બપોરના સમયે જતીનકુમાર નટવરલાલ પટેલે પોતાનું બાઈક નં. જીજે-૯ એપી ૬૫૬૪ કિંમત રૂા. ૧૫ હજારનું પાર્ક કરેલ જે બપોરના ૨.૩૦ વાગેના સમયે કોઈ ચોરી કરી લઈ જતા હિંમતનગર ટાઉન પોલીસ મથકે જતીનકુમાર પટેલે ફરિયાદ નોંધાવી હતી.

ચૂંટણીના પડઘમ સાથે મહેસાણા જિલ્લામાં ટિકિટવાંચ્છુકોની કતાર

મહેસાણા, તા. ૨

ગુજરાતમાં નવા સિમાંકન મુજબ વિધાનસભાની સામાન્ય ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે ત્યારે રાજકીય લેબોરેટરી ગણાતા ઉત્તર ગુજરાતના મહેસાણા જિલ્લામાં ભાજપ અને કોંગ્રેસ બંને મુખ્ય પક્ષો સહિત ભાજપ સાથે છેડો ફાડીને ગુજરાત પરિવર્તન પાર્ટીની રચના કરનારા પૂર્વ મુખ્ય પ્રધાન કેશુભાઈ પટેલની પાર્ટીના મોવડીઓએ જિલ્લાના સાત વિધાનસભા મત વિસ્તારોમાં ઉમેદવારોની પસંદગી માટેની તૈયારીઓ શરૂ કરતા જુદા જુદા પક્ષમાં ટિકિટ મેળવવા માટે કેટલાક ઉમેદવારો થનગની રહ્યા છે.

પ્રાપ્ત વિગતો મુજબ ઉત્તર ગુજરાતના મહેસાણા જિલ્લાના સાત વિધાનસભા મતવિસ્તારોમાં રાજકીય પક્ષોએ ઉમેદવારોની પસંદગી માટે કવાયત તેજ બનાવી છે. જેથી ટિકીટવાંચ્છુઓએ દાવેદારી માટેના પ્રયાસો શરૂ કર્યા છે. ત્યારે મહેસાણા જિલ્લાના સ્વચ્છ, પ્રામાણિક અને પક્ષને વફાદાર હોય તેવા સંનિષ્ઠ વ્યક્તિઓને રાજકીય પક્ષોના મોવડીઓએ ટિકીટો આપવી જોઈએ. છેલ્લા ત્રણ-ચાર ટર્મથી ચૂંટાયેલા વર્તમાન ધારાસભ્યોના બદલે સ્વચ્છ પ્રતિભા ધરાવતા યુવા ઉમેદવારોને ચાન્સ અપાય તેવો જનમત પ્રવર્તે છે. આ ચૂંટણીમાં નવા ચહેરાઓને ચાન્સ આપવાની સાથે મહિલા ઉમેદવારને પણ ટિકિટની ફાળવણી કરાય તેવું મહિલાઓ ઈચ્છે છે. જિલ્લામાં છેલ્લા ણ ચાર ટર્મથી ધારાસભ્ય પદ ભોગવતા ધારાસભ્યોની હવે બાદબાકી કરીને તેમને પક્ષના સંગઠનની કામગીરી સોંપવી જોઈએ તેવા સૂર અંદર ખાનગીમાં કાર્યકરોમાં વ્યક્ત થઈ રહ્યો છે.

શિહોરી મુકામે બનાસકાંઠા જિલ્લા પ્રેસ પ્રતિનિધિ વિકાસ મંડળની બેઠક યોજાઈ

(તસ્વીર : હેમુભા વાઘેલા)

કાંકરેજ, તા. ૨

કાંકરેજ તાલુકાના શિહોરીસ્થિતિ આનંદવાડી હોલ ખાતે ગતરોજ કાંકરેજ તાલુકા પંચાયતના પ્રમુખના અધ્યક્ષ સ્થાને ધી બનાસકાંઠા જિલ્લા પ્રેસ પ્રતિનિધિ વિકાસ મંડળની બેઠક યોજાઈ હતી. જેમાં સમગ્ર જિલ્લામાંથી મોટી સંખ્યામાં પત્રકાર મિત્રો તથા મંડળના વિવિધ હોદેદારો હાજર રહ્યા હતાં.

શિહોરી ખાતે યોજાયેલી મંડળની આ બેઠકમાં પૂર્વ હોદ્દેદારો અને વર્તમાન હોદેદારોએ મંડળ અંગેની વિસ્તૃત માહિતી આપી હતી તથા મંડળનો ઉત્તરોત્તર વિકાસ કરવા માટે હોદેદારો બનાવી મંડળને મજબૂત બનાવવા માટે હાકલ કરી હતી. ઉપરાંત બેઠકમાં કાંકરેજ તાલુકાના હોદેદારોની નિમણૂંક કરવામાં આવી હતી. જેમાં પ્રમુખપદે ભલુભા વાઘેલા, મહામંત્રી પદે જેણુભા વાઘેલા, ઉપપ્રમુખ પદે નટુભાઈ પ્રજાપતિ અને બલુભા ડાભી, ખજાનચી પદે નથ્થુરામ રાવલ, પ્રવકતા પદે કેતન વસૈયા, સંગઠન મંત્રી પદે હેમુભા વાઘેલા તથા સલાહકાર તરીકે હર્ષલ ઠાકર, પરસોત્તમ પરમાર અને ચિનુભાઈ દરજીની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

આ પ્રસંગે મંડળના પ્રમુખ રામજીભાઈ રાયગોર, સુરેશ સિલ્વા, કંચનજી ઠાકોર, વજેરામ જોષી વગેરે સભ્યો ઉપસ્થિત રહ્યા હતાં.

ડીસામાં ક્રિકેટ ટુર્નામેન્ટમાં ડીસાના સરદાર પટેલ હાઈસ્કૂલ વિજેતા

ડીસા, તા. ૨

ડીસાના ન્યુ ટી.સી.ડી ક્રિકેટ મેદાન ખાતે ચાલી રહેલ ક્રિકેટ ટુર્નામેન્ટમાં શુક્રવારે ડીસા અને પાલનપુરની ટીમ વચ્ચે મેચ રમાઈ હતી. જેમાં ડીસાના ક્રિકેટર બિમલ રાયકાએ ૬૭ બોલમાં ૧૦૦ રન ફટકારી ડીસા ટીમને વિજય અપાવ્યો હતો.

ધી ડીસા સ્પોર્ટસ ક્રિકેટ એન્ડ ચેરીટેબલ એકેડેમીના ન્યુ ટી.સી.ડી ક્રિકેટ મેદાન ખાતે હાલમાં સ્વ. શંકરલાલ દેવાજી બસીટા ૨૦-૨૦ સીઝન બોલ ટુર્નામેન્ટ ચાલી રહી છે. જેમાં શુક્રવારે સરદાર પટેલ હાઈસ્કૂલ ડીસા અને સરસ્વતી વિદ્યાલય પાલનપુર વચ્ચે રમાઈ હતી. જેમાં ડીસાના સરદાર પટેલ હાઈસ્કૂલમાં ધોરણ-૧૨માં અભ્યાસ કરતા બિમલ રાયકાએ ઓપનીંગમાં બેટીંગ શરૂ કરી ૬૭ બોલમાં ૧૦૦ રન ફટકારી ડીસાની ટીમને વિજય અપાવ્યો હતો. ટુર્નામેન્ટમાં સરદાર પટેલ હાઈસ્કૂલે પ્રથમ બેટિંગ લઈ ૧ વિકેટે ૧૭૪ રન બનાવ્યાં હતા. જેની સામે સરસ્વતી વિદ્યાલય પાલનપુરની ટીમે ૮ વિકેટે ૧૨૩ રન કરતાં પરાજય થવા પામ્યો હતો. આ અંગે એકેડેમીના કોચ વિપુલ આલે જણાવ્યું હતું કે, પાલનપુર અને ડીસા વચ્ચે રમાયેલ ૨૦-૨૦ ટુર્નામેન્ટમાં ડીસાની સરદાર પટેલ હાઈસ્કૂલની ટીમનો વિજય થવા પામ્યો છે. જેમાંય ખાસ કરીને ૨૦-૨૦ ટુર્નામેન્ટમાં ડીસાના ક્રિકેટર બિમલ રાયકાએ ૬૭ બોલમાં ૧૦૦ રન ફટકાર્યા છે, જે ખરખર અભિનંદનને પાત્ર છે.

IITE
INDIAN INSTITUTE OF TEACHER EDUCATION
સરકારી કૉલેજ સંકુલ, ગ-૪, સેક્ટર-૧૫, ગાંધીનગર

ટુંકી મુદતની સફાઈ કામની સેવા અંગેની નિવિદા

ઈન્ડિયન ઈન્સ્ટીટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન, ગાંધીનગરની ઓફીસ બિલ્ડીંગ, હોસ્ટેલ તથા કુલપતિ નિવાસ વગેરે અલગ-અલગ જગ્યાએ માલ-સામાન સાથે સાફ સફાઈ માટે કોન્ટ્રાક્ટ આપવાનો છે. જે માટે રસ ધરાવતાં અનુભવી કોન્ટ્રાક્ટરો પાસે મહોરબંધ ભાવપત્રક મંગાવવામાં આવે છે. **રૂ. ૧૦૦** ભર્યેથી ટેન્ડર ફોર્મ આઈઆઈટીઈ ખાતેથી **તા. ૯/૯/૨૦૧૨** સુધીમાં મેળવી લેવાના રહેશે.

ક્રમાંક : IITE/મકમ/1528/2012 — **કુલસચિવ**
માહિતી/૧૨૬૨/૧૨-૧૩ — **આઈઆઈટીઈ**

ટુંકી મુદતની જાહેર નિવિદા નં. ૭ (એસ.કે.) સને ૨૦૧૨-૧૩

કાર્યપાલક ઈજનેરશ્રી, કાંસ વિભાગ, ગાંધીનગર સ્ટેટ વોટર રેટા સેન્ટર બિલ્ડીંગ, સેક્ટર-૮, ફોન નં. ૦૭૯-૨૩૨૪૮૦૦૬ દ્વારા નીચે દર્શાવ્યા મુજબનું સ્થાનિક બજારમાં કામ કરતી પ્રિન્ટીંગ પ્રેસ સાથે સેલટેક્ષ / ટીન નંબર / પાન નંબર ધરાવતી એજન્સીઓ પાસેથી ભાવપત્રકો મંગાવવામાં આવે છે. કોરા ભાવપત્રકો આપવાની છેલ્લી તા. ૭-૯-૨૦૧૨ સમય : ૧૬.૦૦ કલાક સુધી જાહેર રજાના દિવસો સિવાય આપવામાં આવશે. ભાવ ભરેલ ભાવપત્રકો તા. ૧૨-૯-૨૦૧૨ સમય : ૧૬.૦૦ કલાક સુધી ફક્ત આર.પી.એ.ડી. / સ્પીડ પોસ્ટથી સ્વીકારવામાં આવશે. વધુ વિગત માટે અત્રેની કચેરીનો રૂબરૂ સંપર્ક કરવો.

કામનું નામ	(૧) ભાવપત્રક ફી (૨) બાનાની રકમ. (૩) સમય મર્યાદા
ઓફસેટમાં મલ્ટીકલર/ડીઝાઈનીંગ, પ્રિન્ટીંગ વોલ્યુમ, પેમ્ફલેટ અને કાર્ડ બનાવી આપી પુરા પાડવાનું કામ.	(૧) રૂ. ૯૦૦/- (૨) રૂ. ૫૦૦૦/- (૩) ૬ માસ

માહિતી/૧૨૬૦/૧૨-૧૩

જાહેર નોટિસ

ગાંધીનગરના આઠમા એડીશનલ સીનીયર સીવીલ જજ સાહેબની કાર્ટમાં
ક્રિ.પ.અ.નં.-૫૧૯/૨૦૧૨
અરજદાર તરફે વકીલશ્રી ભરત કે. સુથાર

અરજદાર : મોદી રસિકલાલ અંબાલાલ
વિરૂદ્ધ
સામાવાળા : સબરજીસ્ટ્રાર જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી, ગાંધીનગર
બાબત : જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩ (૩) મુજબ જન્મનો આદેશાત્મક હુકમ મેળવવા બાબત.

આથી જાહેર જનતાને આ નોટિસ જણાવવામાં આવે છે કે, અરજદારના પુત્રી મોદી સીમા રસિકલાલનું તારીખ ૨૧-૭-૧૯૮૦ના રોજ બ્લોક નં. ૧૩૮/૯, સેક્ટર-૧૬, જી. ગાંધીનગર ખાતે ઘર (મોસાળ)ના સરનામે જન્મ થયેલ છે. હાલનું મોસાળનું સરનામું : સેક્ટર-૫એ, ૨૪૧/૫, ગાંધીનગર છે. તે મુજબ જન્મનો દાખલો મેળવવા અત્રેની કોર્ટમાં અરજદારે અરજી દાખલ કરેલ છે જેનો ક્રિ.પ.અ.નં. ૫૧૯/૨૦૧૨ છે. કોઈપણ વ્યક્તિ યા ઈસમને અરજદારના માંગ્યા મુજબનો જન્મનો દાખલો આપવા સામે વાંધો કે તકરાર હોય તો તેઓએ જાતે અથવા માહિતગાર વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં મુદત તા. ૨૫-૯-૨૦૧૨ના રોજ હાજર રહી રજૂઆત કરવાની રહેશે. જો કોઈપણ ઈસમનો વાંધો કે તકરાર રજૂ નહીં થાય તો આગળનો હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ રોજ તા. ૩૧-૮-૨૦૧૨ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

તૈયાર કરનાર : — હુકમથી
સહી/- (બી.એન. સોલંકી) — **સહી/-**
આસીસ્ટન્ટ — **(આર.બી. બ્રહ્મભટ્ટ)**
(મા. એડી. સીની સીવીલ કોર્ટ, ગાંધીનગર) — ચીફ જ્યુ. મેજી.
તપાસી જોનાર : — ગાંધીનગર
સહી/- (દિનેશ પી. જાદવ)
આસીસ્ટન્ટ
(મા. એડી. સીની સીવીલ કોર્ટ, ગાંધીનગર)

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of

Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.

એક્સક્લુસિવ શો-રૂમ

asian TILES WORLD — Radhe ENTERPRISE

F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર — કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન